# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

કોઇ પક્ષ લઘુમતિને ઢાલ બનાવે છે,
તો કોઇ પ્રાદેસિકતાને ચાલ બનાવે છે
ખાલ બનાવે છે અનામતની, ચૂંટણીમાં -
છે તાલ સ્વાર્થનો, નેતાઓ માલ બનાવે છે..
(લોકસભા માં ધાંધલ)

હાઇકુ

તન-મનથી,
ને કોઇનું ધનથી -
થાય શોષણ..

ગુંડાગીરીમાં -
- સુરક્ષાની ચિંતામાં,
પ્રજા પિડીત..

## ચિંતન

**અબુધા અજંગમા અપિં કયાપિ ગત્વા પરં પદમવાપ્તા,**
**મંત્રિણાં ઇતિ કીર્ત્યન્તે નય બલગુટિકા ઇવ જનેન ॥**

'જે લોકો જ્ઞાન-જાણકારી-અનુભવ વિનાના જડ હોવા છતાં ઉચ્ચ પદ પર પહોંચી ગયા છે તેઓ શેતરંજના પ્યાદાંની જેમ રાજા-પ્રધાન-મંત્રી તરીકે ઓળખાય તો છે પણ શંતરંજના પ્યાદાં જેમ નામના - નિર્જિવ - જ છે.'

ઉત્તરપ્રદેશમાં અત્યારે લાખો કર્મચારી 'બઢતી'માં પણ 'અનામત'નો વિરોધ કરી હડતાળમાં છે. રાજકારણી નેતાઓ 'યશ' લેવા માટે મતનું રાજકારણ રમી પછાત કે લઘુમતિઓને રીઝવવા લોકસભા-રાજસભા અને રાજયની વિધાનસભાઓમાં 'અનામત'ના દાવપેચ ખેલે છે. 'અનામત'થી આગળ આવેલા અને બઢતી પામનારા 'મેરીટવાળા' વિદ્યાર્થીઓ-કર્મચારીઓને અન્યાય કરે છે. ગાંધીજી અને બંધારણમાં એક મર્યાદા બાંધી છે ત્યાં સુધી જ 'અનામત'નો અમલ રાખવો પણ હવે 'રાજકારણ'નું પ્યાદું થઇ ગયું છે.

જે માણસો લાગવગ-દબાણ-કોપી કરીને ખોટી રીતે પરિણામો લાવી 'હોદ્દા' સત્તા મેળવે છે તેમને જાણકારી હોતી નથી. નિષ્ણાંત હોતા નથી. પરિણામે સત્તા પ્રાપ્ત કર્યા પછી પણ પોતાના 'હોદ્દા'ને વાસ્તવિક ન્યાય આપી શકતા નથી. 'સાહેબ', 'ડોકટર', ઇજનેર કહેવાય ખરા પણ એમના વતી એમનું કામ કોઇક કરતું હોય છે. એ તો નામના જ હોય છે.

## સુવિચાર

- ઉપદેશ-શિખામણ કરતાં પણ અધિક આપણે અનુકરણ દ્વારા ઘણું બધું શીખીએ છીએ **- વર્ક**
- જાણતા નથી એ એટલી શરમજનક બાબત નથી પણ શીખવા માટેની ઉત્સૂકતા-તૈયારી જ ન હોય એ શરમજનક છે **- ફ્રેંકલીન**
- જો કોઇ એમ માનતું હોય કે એ જાણે છે, અથવા તેની તીવ્ર સમજશક્તિથી તે સહજ રીતે સમજી જાય છે, તે કદાપિ કંઇ જ શીખી શકતો નથી **- બ્લાઉંટ**
- જો શીખવું જ હોય તો જીવનમાં નાની-નાની બાબતો પણ ઘણું શીખવી જાય છે **- રસેલ**
- તમે કોઇ માણસને ઉપદેશ-શિખામણ દ્વારા સુધારી કે કંઇ શીખવી શકો નહીં **- એસ. ભટાચાર્ય**
- કીડી મોટામાં મોટી ઉપદેસક છે જે એક પણ શબ્દ બોલ્યા વિના ઉપદેશ આપે છે **- ફ્રેંકલીન**
- સુખી-સમૃધ્ધ-સત્તાધીશ બીજાને ઉપદેશ-શિખામણ આપવા પોતાને સૌથી મોટા લાયક સમજે છે **- અલ્જર**

## બોધ કથા

કેટલાકનો સ્વભાવ જ એવો હોય કે કોઇની નિષ્ફળતા-હાર-પતન-નૂકશાન સમયે જ બોધ-શિખામણ આપી પોતાના સ્વભાવ-સમજ-ડહાપણના દાખલા આપી જખમ પર મીઠું ભભરાવે પણ પોતાની એવી જ પરિસ્થિતિ થાય ત્યારે બેબાકળા થઇ જાય, એવું જ બિમાર-રોગીની મૂલાકાતે જનારાનું છે આ ખાવ - આ ના ખાવ, ચાલવા જાવ - નિયમિત થઇ - પોતે આવું કંઇ જ ન કરતાં હોય અને બિમાર પડે ત્યારે ગાંડા-ઘેલાં થઇ હાંફળાં-ફાંફળા થઇ દવાખાનાઓનાં દર્શને દોડાદોડી કરે!

એક દેશી વૈદ્ય - આધુનિક દવાખાનાં અને દવાઓનો વિરોધી હતો. બધાને આયુર્વેદિક દવાઓ અને ઉપચાર, ફાકી-ફાકા-ઉકાળા-કાઢાની ભલામણ કરે.. વનસ્પતિઓ અને દવા બનાવવાની રીતો-તોલા-ગ્રામમાં વાતો કર્યા કરે..

એ વૈદ્યરાજને એક રાત્રે એટેક આવ્યો શરીર પાણી પાણી - પરસેવે રેબઝેબ, વૈદ્યરાજે પત્નીને જગાડી પોતાની પરિસ્થિતિ કહી.

પત્નીએ તરત પૂછ્યું, બોલો! કઇ ફાકીની શીશી લઇ આવું? વૈદ્ય ગુસ્સે થયો કહ્યું, આમાં ફાકીનું કામ નહીં, પડોશીને જગાડ અને કહે મને હોસ્પીટલમાં દાખલ કરાવી દે!!

પર ઉપદેશ ચતુર ઘને રે..

# બુધ્ધિ, ચિત્તની શાંતિ, આત્મ-સંયમ, પવિત્રતા, કોમળ વાણી અને મિત્રો નારાજ થાય એવું કરવાની અનિચ્છા આ સાત સમૃધ્ધિમાં વૃધ્ધિ કરનારૂં છે, સદ્ગુણ શાશ્વત છે, સુખ અને દુ:ખ ક્ષણિક છે, જે ક્ષણ ભંગુર છે તેને છોડી દો અને જે શાશ્વત છે એને અપનાવી લો

પોતાના વિચારોને સારી ભાષામાં ભાવવહી રીતે સામેના માણસમાં મૌખિક અભિવ્યક્તિ દ્વારા પ્રસ્થાપિત કરવાની કળા એટલે સુમધુર વાણી. વાણી પર અંકુશ સિધ્ધ કરવો સૌથી અઘરી બાબત છે. લાંબી વાતચીતમાં શ્રોતાને અર્થસભર અને આનંદપૂર્ણ શબ્દો કહેવા એ કાંઇ સહેલું નથી. સારી રીતે ઉચ્ચારેલી વાણી ઘણી કલ્યાણકારી બની શકે છે. એવી જ રીતે અનિષ્ટ વાણી નુકશાનકારક છે જે જંગલને તીરથી વીંધી નાખવામાં આવ્યું હોય કે કુહાડીઓ દ્વારા કાપી નાખવામાં આવ્યું હોય એ ફરીથી ઉગી શકે, પણ અનિષ્ટ વાણીથી ઘવાયેલું હૃદય કયારેય સ્વસ્થ થઇ શકતું નથી. તીર કે ભાલો અથવા બરછી જેવાં શસ્ત્રો શરીરમાંથી સહેલાઇથી પાછાં ખેંચી શકાય છે પણ શબ્દરૂપી કટારી હૃદયમાં ઊંડે સુધી ભોંકાઇ ગઇ હોય તો એને દૂર કરી શકાય નહીં. મુખમાંથી નીકળેલાં શબ્દ બાણ ભયાનક છે. એમની ઇજા પામેલો મનુષ્ય દિવસ-રાત શોક કરે છે. વિદ્વાન મનુષ્યે આવાં બાણ ન ફેંકવા જોઇએ, શું આવાં બાણ અન્યના પ્રાણને નથી સ્પર્શતા?

"દેવોએ જેને માટે પરાજય નિશ્ચિત કરેલો છે એવો મનુષ્ય ઇન્દ્રિય ભાન ભૂલી જાય છે અને એ કારણે અધમ કૃત્યો કરવા છેક નીચે ઉતરી પડે છે જયારે બુધ્ધિ ઝાંખી પડી જાય છે અને વિનાશ સમીપ હોય છે ત્યારે સાચા જેવું દેખાતું ખોટું હૃદયને દૃઢપણે સ્પર્શ છે અને આચ્છાદિત થયેલી બુધ્ધિ પરાજય સર્જે છે.

## હું રસ્તે રઝળતી વારતા

- અયના પટેલ

તમામ તીર્થક્ષેત્રોમાં સ્નાન અને સકલ પ્રાણીઓ પ્રત્યે સદ્ભાવ આ બંને સમાન બાબતો છે. કદાચ પ્રાણીઓ પ્રત્યેનો સદ્ભાવ તીર્થસ્થાન કરતાં બહેતર છે. જયાં સુધી આ જગતમાં મનુષ્યનાં સત્કૃત્યો અંગે વાત થાય છે ત્યાં સુધી એનો સ્વર્ગમાં મહિમા થાય છે."

દેવો કાંઇ ગોવાળોની જેમ હાથમાં લાકડી લઇને રક્ષણ કરતા નથી, પણ તેઓ જેનું રક્ષણ કરવા ઇચ્છે છે તેની બુધ્ધિમાં વધારો કરે છે. ન્યાય પરાયાણતા અને નીતિમત્તા પ્રત્યે મનુષ્ય જેટલું ધ્યાન આપે છે એના પ્રમાણમાં એની ઇચ્છાઓ પૂર્ણ થાય છે, એમાં શંકા નથી. વેદો ધૂર્ત મનુષ્યોને પાપ કરવામાંથી બચાવતાં નથી. સુવર્ણની અગ્નિ દ્વારા, ઉચ્ચ કુળમાં જન્મેલાની વર્તણૂંક દ્વારા, પ્રામાણિક મનુષ્યની આચરણમાં, શૂરવીરની ભયભીત વાતાવરણમાં, આત્મસંયમીની ગરીબીમાં અને મિત્રો તેમજ શત્રુઓની પરિક્ષા સંકટ અને ભયના સમયે થતી હોય છે. યજન, અધ્યયન, તપ, દાન, સત્ય, ક્ષમા, દયા એ સંતોષ અને ધર્મના આઠ ભિન્ન ભિન્ન માર્ગ છે. એમાંના પ્રથમ ચારનું સેવન ગર્વને કારણે પણ થઇ શકે, પણ પછીનાં ચાર તો ખરેખર, જે મહાન હોય તેમનામાં જ અસ્તિત્વ ધરાવી શકે.

જે કામ કરવાની રાત્રિ સુખપૂર્વક વિતાવાય તે કામ દિવસે જ કરી લેવું, જે કામ કરવાથી ચોમાસાનાં ચાર મહિનામાં સુખે રહેવાય, તે કામ આગલા આઠ મહિનામાં જ કરી લેવું, જે કાર્ય કરવાથી વૃધ્ધાવસ્થામાં સુખપૂર્વક રહેવાય એ કાર્ય યુવાનીમાં જ કરી લેવું. જે કાર્ય કરવાથી મૃત્યુ પછથી સુખપૂર્વક રહી શકાય એ કાર્ય સમગ્ર જીવન દરમિયાન કર્યા કરવું. માનસિક શાંતિ દ્વારા હૃદયની તમામ ગ્રંથિઓ શિથિલ કરી, સકલ વાસનાઓ પર પ્રભુત્વ મેળવી તેમજ સત્ધર્મનું પાલન કરી વ્યક્તિને પ્રિય અને અપ્રિયને પોતાની સમાન ગણતાં શીખવું જોઇએ. કોઇ ગાળો દે તો સામી ગાળો દેવી નહિ. વિલક્ષણ બાબત એ છે કે શાંત મનુષ્ય આવી ગાળો સહન કરે છે ત્યારે ગાળો દેનાર જ ક્રોધાગ્નિમાં બળી જાય છે અને ગાળો દેનારના કોઇ સદ્ગુણો બચ્યા હોય તે અન્યને પ્રાપ્ત થાય છે.

મિત્રો સાથે કદી ઝઘડવું નહીં, હલકાં અને નીચ માણસોનો સંગ કરવો નહીં. કદી ઉદ્ધત અને અધમ વર્તન કરવું નહીં. ક્રોધથી સભર વાણી બોલવાનું ટાળવું. કઠોર વાણી મનુષ્યના પ્રાણોને, અસ્થિઓને અને હૃદયને બાળે છે અને દઝાડે છે. એટલે સદ્ગુણી મનુષ્યે કઠોર અને ક્રોધયુક્ત વાણી ન વાપરવી જોઇએ. કહે છે કે વાણી કરતાં મૌન બહેતર છે. તમારે બોલવું જ પડે તો સાચું બોલવું બહેતર છે. જો સત્ય બોલવાનું હોય તો પ્રિય બોલવું. જો પ્રિય બોલવાનું હોય તો જ નીતિમત્તા સાથે સુસંગત હોય એ કહેવું.

ક્રોધ એ કડવું, તીખું તમતમતું અને ગરમ પીણું છે. એનું પરિણામ દુ:ખદાયક છે. એ કાંઇ શારીરિક માંદગીમાંથી જન્મેલી શિરોવેદના નથી. શાણા-ડાહ્યા મનુષ્યો ક્રોધને ગળી જાય છે અને જેઓ વધુ પડતું અભિમાન, મર્યાદારહિત ભાષણ, ખાઉધરાપણું, ક્રોધ, આનંદપ્રમોદ કે ભોગવટાની ઇચ્છા અને આંતરડાની ગરબડ છ તીક્ષ્ણ હથિયાર સમાન છે અને દેહધારીઓના આયુષ્યને કાપી નાખે છે તેઓ જ મનુષ્યને મારે છે મૃત્યુ મારતું નથી.

રાજાઓમાં પાંચ જુદા જુદા પ્રકારનાં બળ હોય છે. એમાં બાહુબળ સૌથી હલકાં પ્રકારનું ગણાય છે. સારા સલાહકારોની પ્રાપ્તિએ બીજા પ્રકારનું બળ ગણાય છે. સંપત્તિની પ્રાપ્તિ એ ત્રીજા પ્રકારનું બળ છે. મનુષ્યનું બાપદાદાથી ચાલતું આવેલું કુળબળ ચોથા પ્રકારનું બળ છે. જેનાથી આ બધાં બળ જીતી શકાય છે. અને જે સર્વ બળમાં શ્રેષ્ઠ છે એ બુધ્ધિબળ છે.

જે શેષરહિત છે, જે માટીનું ઢેફું, પથ્થર અને સોનાને સમાન ગણે છે, જે ગમા-અણગમાથી અળગો રહે છે જે ઉદાસીનની જેમ રહે છે એ જ સાચો યોગી છે, બુધ્ધિ, ચિત્તની શાંતિ, આત્મ-સંયમ, પવિત્રતા, કોમળ વાણી અને મિત્રો નારાજ થાય એવું કરવાની અનિચ્છા આ સાત સમૃધ્ધિમાં વૃધ્ધિ કરનારૂં છે. સદ્ગુણ શાશ્વત છે. સુખ અને દુ:ખ ક્ષણિક છે. જે ક્ષણ ભંગુર છે તેને છોડી દો અને જે શાશ્વત છે એને અપનાવી લો. તમને સંતોષ પ્રાપ્ત થાય. કારણ કે સર્વ પ્રાપ્તિઓમાં સંતોષી સૌથી શ્રેષ્ઠ છે.

આત્માને નદી કહેવામાં આવે અને જીવને પણ નદી કહેવામાં આવે છે. જીવનરૂપી નદીમાં પાંચ ઇન્દ્રિયો જળરૂપે છે. એમાં રહેલાં મગરો અને ખાઉધરી માછલીઓ અનુક્રમે કામ અને ક્રોધ છે. આત્મનિયમનને નૌકા બનાવીને અનેક જન્મોનું પ્રતિનિધિત્વ કરતાં વમળોને તરી જવાનાં છે. આત્મારૂપી નદીમાં પુણ્યકર્મોવાળો પુરૂષ સ્નાન કરે છે સત્ય એવું જળ છે. આત્મનિયમન એના કિનારાઓ છે. ભલમનસાઇ એના તરંગો છે. ન્યાય-નીતિ અને ધર્મ-પરાયણ મનુષ્ય આ નદીમાં સ્નાન કરીને પવિત્ર બને છે, કારણ કે આત્મા પવિત્ર છે અને કામવૃત્તિનો અભાવ એ સર્વોચ્ચ પુણ્ય છે.

આપણે ઘણીવાર મૌન ધારણ કરીએ છીએ. પણ મૌન બે પ્રકારના હોય છે. વાણી પરનો સંયમ અને ધ્યાન. આ બેમાં ચડિયાતું કયું? વિદ્વાન મનુષ્ય શું મૌનથી શાંત સ્થિતિ અને મુક્તિ પ્રાપ્ત કરી શકો ખરો? આ જગતમાં મૌન કેવી રીતે આચરવું?

મૌનનું પ્રયોજન પરમાત્માની પ્રાપ્તિ કરવાનું છે જે પરમાત્મા ભાષા અથવા મૌનની પહોંચ બહાર છે સાચું મૌન માત્ર વાણીને સંયમ જ નથી, પણ સર્વ ઇન્દ્રિયો અને મનનો સંદત્તર નિગ્રહ છે. પરલક્ષી અને સ્વલક્ષી સભાનતાની ગેરહાજરી જ મૌનનું સ્વરૂપ અથવા પ્રકૃતિ ગણવાં જોઇએ. મનુષ્યની સકલ ચેતના માત્ર બ્રહ્મ પર જ એકાગ્ર થવી જોઇએ. જયારે આ સ્થિતિએ પહોંચાય છે ત્યારે બ્રહ્મની પ્રાપ્તિ થાય છે.

ત્યાગ છ પ્રકારના છે અને આ છ પ્રકાર સ્તૃતિ પાત્ર છે. પ્રથમ અભ્યુદયના પ્રસંગોએ કદી આનંદપ્રમોદનો અનુભવ ન કરવો. ત્રીજો ઇચ્છાઓનો ત્યાગ કરવો. ચોથો પોતાનાં કાર્યોમાં નિષ્ફળતા મળે તો મનુષ્યે શોક કરવો નહીં કે પોતાની જાતને શોકથી દુ:ખી કરવી નહીં અથવા ન ગમતું એવું કાંઇ પણ બને તો દુ:ખ લગાડવું નહીં, પાંચમો પોતાનાં પુત્રો, પત્ની કે અન્ય અતિ પ્રિય સંબંધીઓ પાસેથી આગ્રહપૂર્વક યાચના કરવી નહીં, છઠ્ઠી યોગ્ય વ્યક્તિને દાન કરવું.

કહેવાય છે કે, "મહાભારત" લખીને વેદવ્યાસે તમામ વિષયો એંઠા કરી મૂક્યા છે. પરંતુ વિદૂર જેવું વિલક્ષણ પાત્ર આ મહાકાવ્યમાં ચાર ચાંદ લગાવી દે છે. વિદૂર મહાકાવ્યનું સૌથી વધુ બુધ્ધિશાળી છતાં સૌથી વધુ 'લો કી' ચરિત્ર છે. એ પોતાની પ્રતિભાને ભાગ્યે જ પ્રચારિત કરે છે. પોતે સેવક છે અને રાજાનું લૂણ ખાતા હોઇ એને સાચી વાત કહેવાની પોતાની ફરજ છે. એમ સમજી વિદૂર વખતોવખત કહેવા જેવી વાતો બેધડક કહી જરૂર દે છે. પરંતુ એ વખતે પણ રાજાએ એનું પાલન કરવું કે કેમ, એનો આગ્રહ નથી રાખતા. આમ જુઓ તો વિદૂર વ્યાસનો જ અંશ છે, વળી ત્રણે ભાઇઓમાં એ સૌથી સવિશેષ બુધ્ધિમાન પણ છે.

પરંતુ તત્કાલીન સમાજ વ્યવસ્થાને અનુરૂપ, વિદૂર પોતાની મર્યાદા ઓળગંતા નથી. એ હાંસિયામાં જ જીવીને એક ઉત્તમોત્તમ અર્થપૂર્ણ માનવજીવનનો દાખલો બેસાડે છે. ધૃતરાષ્ટ્ર હોય કે શ્રીકૃષ્ણ, આખરે તો સમસ્યાના ઉકેલ માટે એમને વિદૂરનો જ આશ્રય લેવો પડે છે. વિદુર ઉપર ગુજરાતી ભાષામાં આખેઆખી એક સ્વતંત્ર નવલકથા લખાવી જોઇએ એમ નથી લાગતું?

# રાજકીય વિશ્લેષણ, ઇતિહાસ, પત્રકારત્વ, સાહિત્ય, જીવન ચરિત્ર એમ અનેક વિધ ક્ષેત્રે તેમનાં ખેડાણને સંકલિત કરી ગુજરાતનો વિવિધલક્ષી પરિચય તેમના પુસ્તકો દ્વારા આપ્યો છે

'એક મત ગુજરાત' શબ્દની સંવેદનશીલતા ગુજરાતના મતદારોને સ્પર્શી ગઇ. તેણે ફરી એકવાર ભાજપ સરકારમાં પોતાનો વિશ્વાસ વ્યક્ત કર્યો. કારણ કે તેણે ગુજરાતીના ગુજરાત પ્રત્યેના અસ્મિતા ચિંતનને ઉજાગર કરવામાં મોટો ભાગ ભજવ્યો છે. ત્યારે અત્યારે મારા હાથમાં વિષ્ણુ પંડ્યા લિખિત 'સ્વર્ણિમ ગુજરાતના પચાસ વર્ષ' ગ્રંથ છે તેના વિષે વાત કરવાનું મન થઇ આવે છે.

આ પુસ્તકમાં અર્ધશતાબ્દી ૧૯૬૦ થી ૨૦૧૦માં ગુજરાતના રાજકીય પ્રવાહો, પ્રજાકીય આંદોલનોની વિગતો અને વિશ્લેષણો આપવામાં આવ્યા છે. પ્રતિકાત્મક રીતે નિહાળીએ તો આટલાં વર્ષોની આ પ્રજાકીય યાત્રા ગાંધી આશ્રમથી ગાંધીનગર સુધીની છે. તેમાં આજના છ કરોડ ગુજરાતીઓએ અનુભવેલી ધુપછાંવનો અંદાજ ઓવ છે કેમ કે, છેવટે તો વાપીથી વેરાવળ અને દ્વારિકાથી દાહોદ સુધી વિસ્તરેલા ગુજરાતને વર્ષો દરમિયાન રાજકીય-આર્થિક, સામાજિક અને સરવાળે સાંસ્કૃતિક યાત્રાના કેવા-કેટલા પડાવ પાર કર્યા તેનો દસ્તાવેજ મળી રહે છે.

અહીં વિષ્ણુ પંડ્યાએ પ્રજાજીવનના સક્રિય સાક્ષી તરીકે વિવિધ પડાવોનું અવલોકન કર્યુંછે. તેમાં જન આંદોલનો છે. રાજકીય ઉથલપાથલો છે. સરહદ પરનાં યુધ્ધો છે. નર્મદા જેવા પ્રશ્ને વિવાદ અને વિલંબની દાસ્તાન છે. સંસ્કૃતિના સંવર્ધનની નોંધપાત્ર ઘટનાઓ છે. તેથી એમ જરૂર કહી શકાય કે ભારતનાં એક મહત્ત્વના ભાગ તરીકે ગુજરાતે કેવા સંકલ્પો, સ્વપ્નો અને પુરૂષાર્થનો માર્ગ પકડ્યો છે તેથી અહીં પ્રસ્તુતિ છે.


આ ઘટના પ્રવાહની પાછળ જે મહત્ત્વનું પરિબળ છે તે 'અસ્મિતા'નું છે. ગુજરાતની અસ્મિતા વિનાનું ગુજરાત કલ્પી શકાય તેમ નથી. અનેકો એ તેની આલોચના કરી હશે પણ 'અસ્મિતા ભાવના' ગુજરાતની સંજીવની છે. આ અસ્મિતાની પૂર્વ ભૂમિકા આવશ્યક છે તેથી આ પુસ્તકમાં પ્રારંભે 'અસ્મિતા ચિંતન' લેખ અપાયો છે. તેપછી યુગાન્તર ૧૯૪૭થી

## શબ્દ સમીપે

- નટવર હેડાઉ

શરૂ કરી ૧ થી ૧૯ પ્રકરણોમાં ૧૯૫૨ પહેલી પ્રજાકીય સત્તા, ૧૯૫૬ મહાગુજરાતને માટે, સત્તા અને સંઘર્ષ, સ્વપ્ન અને વાસ્તવિકતા, સરહદ પરનાં સાત વર્ષ-બેયુધ્ધ, ૧૯૬૨થી ૧૯૭૨ પક્ષ, વિપક્ષ અને પક્ષની અંદર વિપક્ષ, ૧૯૭૨ વાવાઝોડા પહેલાંની ચૂંટણી, ૧૯૭૪ નવનિર્માણ આંદોલન, ૧૯૭૫ થી ૧૯૮૦ પરિવર્તનનો પડાવ, પ્રતિકાર પ્રિન્સેરશિપનો, ૧૯૮૦ સત્તા અને

**જો વ્યક્તિ અને વ્યવસ્થાનું ગુણાત્મક પરિવર્તન લાવવું હોય તો આંતરિક પ્રવાહને માટે સંકલ્પિત અને સક્રિય થવું એ ગુજરાતના ભવિષ્યનો કીર્તિસ્તંભ બનશે**





ખામ, ૧૯૮૧ અને ૧૯૮૫ સત્તાકારણ અને વગ્રવિગ્રહ, નેવુથી ૨૦૦૧ અગિયાર નિર્ણાયક પડાવ, ઇ.સ. ૨૦૦૨ ગોધરા-ઘટના, ક્રિયા અને પ્રતિક્રિયા, ગુજરાતના રાજયપાલ મહેંદી નવાઝ જંગથી નવલ કિશોર શર્મા, આંગણે પહોંચેલો આતંકવાદ, અર્ધ શતાબ્દીનો છેલ્લે દશક - બદલાતું રાજકારણ અને બદલાતાં સમીકરણ, કસોટી અને મૂલ્યાંકન, ગુજરાતનો જય, અને છેલ્લે પરિશિષ્ટમાં ગુજરાતની પલટાતી તસ્વીરનો ચિતાર જોવા મળે છે. છેલ્લા કેટલાક વર્ષોથી ગુજરાતને 'ઉદ્યોગોનું રાજય' બનાવવાની જહેમત ઉઠાવવામાં આવી છે. રતન તાતાની નેનો કાર તો એક પ્રતિક છે. પણ કચ્છથી દક્ષિણ ગુજરાત સુધી નાના અને મોટા ઉદ્યોગોનો વધારે થયો તેની સાથે જ સામાજિક દિશા તરફ પણ ધ્યાન આપવાનું શરૂ થયું.

**(અનુસંધાન પાના નં. ૬ પર)**

# ઊંડું વાંચન કરવાથી તમારા જીવનનો તાર દિવસના ચોવીસ કલાક વિશ્વના મૌલિકો સર્જકો, જ્ઞાનીઓ, અને પ્રેરણાદાયી લોકો સાથે જોડાયેલો રહેશે

## હંમેશાં એકાદ પુસ્તક સાથે રાખો

- રોબિન શર્મા



બહાર જાઓ ત્યારે હંમેશા એકાદ પુસ્તક સાથે રાખો. અમેરિકાના સમાચાર અને વિશ્વના અહેવાલ મુજબ સમગ્ર જીવનકાળ દરમિયાન ઢગલાબંધ પત્રો ખોલીને વાંચવામાં જિંદગીના આઠ મહિના, ફોનના જવાબ આપવા માટે નંબર ઘૂમાવવામાં બે વર્ષ, લાઇનમાં ઊભા રહેવામાં આપણાં પાંચ વર્ષ વપરાય છે. ચોંકાવી દે એવા છે ને આ સમાચાર? પણ એ સમયનો સદુપયોગ કરવો હોય તો સમયનું સુંદર આયોજન કરવાની તક સરળ અને સ્માર્ટ રીત છે : પુસ્તક સાથે લીધા વિના કયારેય બહાર નીકળવું નહિ. લાઇનમાં ઊભા રહેવાનો પ્રસંગ આવે ત્યારે બીજા લોકો ફરિયાદ કરતા રહેશે, પણ તમે સારા પુસ્તકના વિચારોનો પુષ્ટિકારક ખોરાક મનને આપી તેનો વિકાસ કરતા હશો.

રોમન ફિલસૂફ સેનેકોએ એક વાત નોંધી છે : જીવો છો ત્યાં સુધી કેમ જીવવું એ શીખવાની પ્રક્રિયા ચાલુ રાખો." ઔપચારિક શિક્ષણ સમાપ્ત કર્યા પછી મોટાભાગના લોકો મુઠ્ઠીભર પુસ્તકો પણ વાંચતા હોતા નથી. ઝડપથી બદલાતા આજના યુગમાં 'સારા વિચારો સફળતા માટે કિંમતી જણસ જેવા છે.' સારા પુસ્તકોનો એકાદ સારો વિચાર ચારિત્ર્યઘડતરનું, સંબંધો સુધારવાનું કે જીવનમાં ક્રાંતિ લાવવાનું અદ્ભૂત કામ કરી શકે છે. ફિલસૂફ હેન્રી ડેવિડ થોરોએ તેમના પુસ્તક 'વોલ્ડન'માં નોંધ્યું છે, "એક સારૂં પુસ્તક જીવનશૈલીમાં પરિવર્તન લાવી શકે છે. કારણ કે તે પુસ્તકમાં ઘણીવાર જાણે તમારી જ પરિસ્થિતિનું બયાન કરતા હોય એવા શબ્દો હોય છે! એ શબ્દોને ધ્યાનથી સાંભળશો અને વ્યવસ્થિત રીતે સમજશો તો તમને એ જીવનમાં પ્રભાત કે વસંત કરતાં પણ વિશેષ વંદનીય અને આવકારદાયક લાગશે."

પુસ્તક વાંચીને કેટલાય લોકોએ તેમનાં જીવનમાં નવા યુગની શરૂઆત કરી છે. આપણા માટે પુસ્તકો હયાત છે અને યોગાનુયોગ એ આપણા જ જીવનમાં ચમત્કારોની વાત કરે છે, અને સાથે સાથે એ જીવનમાં નવા ચમત્કારો પણ સર્જે છે.

તમે જીવનમાં કેટલી પ્રગતિ કરશો એનો નિર્ણય તમે કેટલો પરિશ્રમ કરો છો તેના પર નહિ, પણ તમે કેટલું સારૂં વિચારો છો, તેના પરથી થાય છે. 'નેતૃત્વ' વિષય પરના મારા વકતવ્યમાં હું હંમેશાં કહું છું, આજથી નવી અર્થવ્યવસ્થાના મહાન નેતા કોણ છે? "મહાન ચિંતકો." આજથી પાંચ વર્ષ પછી તમે કેવી વ્યક્તિ હશો એ કહેવું હોય તો મુખ્ય બે પ્રકારની સોબતને આધારે કહી શકાય :

(૧) તમારે કેવા લોકો સાથે સંબંધ છે

(૨) તમને કેવા પુસ્તકો વાંચવા ગમે છે" પરિસંવાદમાં હું ઘણીવાર શ્રોતાઓને રમૂજમાં કહું છું કે હું 'સિન્ડ્રેલા ટેનિસ' રમું છું. ખૂબ પ્રસન્ન કરવા છતાં છતાં હું બોલ સુધી કયારેય એકદમ સરળતાથી હવામાં કૂદકો મારીને બોલને એવો જબરદસ્ત મારૂં છું કેતે જોઇને શ્રેષ્ઠ ખેલાડી પણ અવાચક્ બની જાય છે. આજ રીતે સારા પુસ્તકોનાં વાંચનથી જીવનમાં ચમત્કાર સર્જાય છે. ભૂતકાળમાં ઉત્તમ ચિંતકોના વિચારોને તમારા મન સમક્ષ ખુલ્લાં મૂકો અને પછી જુઓ, તમારા જીવનની બાજી સુધરી જશે, ઊંડું ચિંતન કરતા થઇ જશો અને જ્ઞાનની નવી ઊંચાઇ સર કરશો.

ઊંડું વાંચન કરવાથી તમારા જીવનનો તાર દિવસના ચોવીસ કલાક વિશ્વના મૌલિકો સર્જકો, જ્ઞાનીઓ, અને પ્રેરણાદાયી લોકો સાથે જોડાયેલો રહેશે. એરિસ્ટોટલ, એમર્સન, સેનેકા, ગાંધી, થોરો, ડોરોથી બ્રેંડે અને બીજા કેટલાય વર્તમાન જ્ઞાની સ્ત્રી-પુરૂષો પણ પુસ્તકો દ્વારા આપણને તેમના જ્ઞાનનો લાભ આપવા તત્પર છે. તો પછી શક્ય હોય ત્યારે તક શા માટે ઝડપી ન લેવી? આજે તમે કાંઇ જ વાંચ્યુ નથી તો આજનો દિવસ તમે સાચા અર્થમાં જીવ્યા નથી. 'કેમ વાંચવું તે જાણવા છતાં વાંચવું નહિ' અને 'વાંચવાની ઇચ્છા છે પણ વાંચી શકતો નથી' આવું કહેનાર બંનેની સ્થિતિ સમાન છે.

**'મારા મૃત્યુ પર આંસુ કોણ સારશે?' પુસ્તકમાંથી સાભાર.**

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

### ૨૪મી ડિસેમ્બર

- ગુજરાતના જાણીતા સાહિત્યકાર બાલાભાઇ વીરચંદ દેસાઇ, જયભિખ્ખુની પુણ્યતિથિ - ૨૧-૧૨-૧૯૬૯. જૈન ધર્મ, કથા સાહિત્યમાં વિષયવસ્તુ લઇ લોકભોગ્ય નવલકથાના સર્જક. પ્રથમ ગુજરાતી ઇંટ ઇમારત નવલકથા, ગીતગોવિંદ ચિત્રપટના સર્જક.
- ૧૭૯૯ - નેલોપિયન બોનાપાર્ટ પ્રજાસત્તાક ફ્રાંસનો પ્રમુખ બન્યો.
- ૧૯૦૬ - કેનેડામાં રેગીનાલ્ડ ઓબ્રેફેસડેન્ગ દ્વારા દુનિયામાં સૌ પ્રથમવાર રેડિયો કાર્યક્રમ પ્રસારિત થયો.
- ૧૯૦૮ - હવાઇ ઉડ્ડયન પ્રદર્શન પ્રથમવાર પેરિસમાં યોજાયું.
- ૧૯૪૦ - હિન્દુસ્તાન એરક્રાફ્ટ્સ બેંગ્લોરમાં વિમાન બનાવતાં કારખાનાનો પ્રારંભ.
- ૧૮૯૯ - દેશભક્ત સામાજિક સંત સાને ગુરૂજીનો જન્મ.
- ૧૫૨૪ - હિન્દનો પ્રથમ જલમાર્ગ શોધનારા પોર્ટુગલ પ્રવાસી વાસ્કો-ડી-ગામાનું કોચીનમાં અવસાન.
- ૧૮૯૯ - ઇબ્રાહીનભાઇ દાદાભાઇ પટેલ - બેકાર - ગઝલ મંડળનાં સ્થાપક, ગઝલકારનો ભરૂચ જિલ્લાનાં ખાનપુરમાં જન્મ.
- ૨૪મી ડિસેમ્બરે જનજાગૃતિ માટે રાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષા દિન ઉજવાય છે. 'જાગો ગ્રાહક જાગો' ગ્રાહકોને તેમના અધિકારો માટે જાગૃત કરવાનો દિવસ.